# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# પ્રવચન નં. LA ૩૩૯
# સમયસાર ગાથા-6 ભાવાર્થ તથા ગાથા-૧૪
# નીલંબર અપરતમંત, મુંબઈ

Version 1

શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. એનો પ્રથમ જીવ નામનો અધિકાર, છઠ્ઠી ગાથાનો ભાવાર્થ. છઠ્ઠી ગાથા આખા સમયસાર શાસ્ત્રનો સાર છે.

**ભાવાર્થ:- અશુદ્ધપણું** એટલે મલિનપણું **પરદ્રવ્યના સંયોગથી આવે છે**. પણ પરદ્રવ્યના સંયોગે, એના નિમિત્તે, નૈમિત્તિક જે પરિણામ થાય છે, એ પરિણામમાં અશુદ્ધતા આવે છે. એ અશુદ્ધતા દ્રવ્ય સુધી પહોંચી શકતી નથી. અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી આવે છે, ઉત્પન્ન થાય છે. **ત્યાં મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું જ નથી**. પર્યાયમાં શુભાશુભભાવ કર્મના સંયોગના નિમિત્તે થાય તો પણ મૂળ જે સ્વભાવ, આત્મદ્રવ્ય, જ્ઞાયકભાવ, એ તો અન્ય દ્રવ્યરૂપે એટલે અશુદ્ધતારૂપે થતો જ નથી. એ તો ત્રણેકાળ શુદ્ધ રહે છે.

**માત્ર પરદ્રવ્યના નિમિત્તથી**, ફક્ત પરદ્રવ્યના નિમિત્તથી **અવસ્થા મલિન થઇ જાય છે**. અવસ્થા મલિન થાય છે પણ શુદ્ધાત્મા મલિન થતો નથી. કેમકે નૈમિત્તિકભાવની મર્યાદા પર્યાય સુધી હોય છે. નૈમિત્તિકભાવ સ્વભાવ સુધી પહોંચતો નથી. નિમિત્તનો તો પ્રવેશ જ નથી. નિમિત્ત તો બહિર્તત્ત્વ છે, તદ્દન જુદું છે. એ જડકર્મનો પ્રવેશ તો દ્રવ્ય સ્વભાવમાં નથી, પણ એના લક્ષે થતાં શુભાશુભ ભાવો જે છે, એ નૈમિત્તિકભાવ, એ સ્વભાવમાં પ્રવેશ કરી શકતા નથી. નૈમિત્તિકની મર્યાદા પર્યાયધર્મ સુધી છે.

**દ્રવ્યદ્રષ્ટિથી તો દ્રવ્ય જે છે તે જ છે**. તીવ્ર મિથ્યાત્વ અવસ્થા મલિનતા હોય ત્યારે પણ દ્રવ્ય સ્વભાવ બેહદ શુદ્ધ છે. એ નૈમિત્તિક મલિનતા, દ્રવ્ય સ્વભાવમાં પ્રવેશી શકતી નથી. કેમકે દ્રવ્યમાં પર્યાયની નાસ્તિ છે એવી દ્રવ્યની અસ્તિ છે.

**દ્રવ્યદ્રષ્ટિથી** એટલે દ્રવ્યસ્વભાવથી જોવામાં આવે **તો દ્રવ્ય જે છે તે જ છે અને પર્યાય** એટલે **અવસ્થા દ્રષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે**. પરિણામ મલિન દેખાય છે. **એ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે**. આહાહા! મલિનતા પર્યાયની છે અને આત્મા તો સ્વભાવથી જ જ્ઞાયક અનાદિ અનંત છે. એ જ્ઞાયકભાવ મટીને જડભાવરૂપે થતો નથી. પરિણામમાં જડપણું અનાદિકાળથી ..., જડના સંબંધથી જડભાવ પ્રગટ થાય છે. શુભાશુભભાવ જડ છે. તો પણ આત્માનો સ્વભાવ ચૈતન્ય સામાન્ય, સામાન્ય, શુદ્ધ, જ્ઞાયક, જ્ઞાયક એવું રહ્યા કરે છે.

**અને તેની અવસ્થા. એ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે, અને તેની અવસ્થા**, તે પોતે નહીં. **તેની અવસ્થા** એટલે પરાશ્રિત અવસ્થા, **પુદ્ગલકર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિન છે તે પર્યાય છે**. દ્રવ્ય સ્વભાવ તો જ્ઞાયક છે, શુદ્ધ છે. એ તો ભાવકર્મથી ત્રણેકાળ ભિન્ન છે. ભાવકર્મનો એમાં પ્રવેશ થતો નથી. પણ એ પરદ્રવ્યના લક્ષે પર્યાયમાં મલિનતા પ્રગટ થાય છે તે તો

પર્યાય છે. **પર્યાયની દ્રષ્ટિથી જોવામાં આવે તો તો એ મલિન જ દેખાય છે**. આહાહા! પરિણામ તરફ આમ જોવામાં આવે તો એ મલિનતા પરિણામમાં દેખાય છે. **અને દ્રવ્યદ્રષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે**.

આત્મા એક છે એના પડખાં બે છે. એક દ્રવ્ય સામાન્ય પડખું અને એક વિશેષ પર્યાયનું, પરિણામનું, અવસ્થાનું, હાલતનું પડખું. એ પરિણામ પરના સંગે મલિન થાય છે. પણ આત્મા પરનો સંગ કરતો નથી માટે મલિન થતો નથી. અને પરિણામ પોતાનો સંગ છોડીને પરનો સંગ કરવા જાય છે, તો એક સમય પૂરતો નૈમિત્તિક શુભાશુભભાવ પ્રગટ થાય છે. એ પર્યાય મલિન છે.

પણ દ્રવ્યદ્રષ્ટિથી જોવામાં આવે તો દ્રવ્ય, બીજું પડખું એવું ને એવું, પરમાત્મા છે એ તો. એમાં અધૂરાશ આવતી નથી કે એમાં વિપરીતતા લાગુ પડતી નથી. દ્રવ્યદ્રષ્ટિને પ્રધાન કરી. **દ્રવ્યદ્રષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું છે**. જાણવું, જાણવું, જાણવું, જાણવું જેમાં સ્વભાવ છે, **કાંઇ જડપણું થયું નથી.** જડ એટલે કે રાગરૂપે આત્મા થતો નથી. પર્યાયમાં રાગ છે તે વખતે એ રાગથી આત્મા અનન્ય નથી પણ રાગથી આત્મા અન્ય છે. તેથી તે આત્મા શુભાશુભ ભાવરૂપે થતો નથી માટે જડરૂપે થતો નથી. એ મૂળ આત્મા. આત્મા એક અને એનાં પડખાં બે. આ જૈનદર્શન સિવાય બીજે ક્યાંય છે નહીં. **અહીં દ્રવ્યદ્રષ્ટિને પ્રધાન કરી કહ્યું છે**. **અહીં** એટલે આ સમયસાર શાસ્ત્રમાં અને આ છઠ્ઠી ગાથામાં. **દ્રવ્યદ્રષ્ટિને** એટલે ત્રિકાળી સામાન્ય એકરૂપ જે સ્વભાભાવ આત્મા છે, એવો જે દ્રવ્યસ્વભાવ એની **દ્રષ્ટિને પ્રધાન કરીને,** મુખ્ય કરીને કહેવામાં આવ્યું છે કે જ્ઞાયક તો જ્ઞાયક છે.

**જે પ્રમત્ત અપ્રમત્તના ભેદ છે** એટલે અસાવધાન દશા પ્રમત્ત, અને સાવધાન દશા અપ્રમત્ત. અશુધ્ધતા અને શુધ્ધતા, એ પર્યાયના બે પ્રકારના જે ભેદ છે, ભેદ એટલે પ્રકારો છે, **તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે**. શું કહ્યું? અહીંયાં માર્મિક વાત કરે છે કે પુણ્ય-પાપ-આશ્રવ-બંધ એવા વિકારી પરિણામ તો **પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે**, પણ પુણ્ય-પાપ-આશ્રવ-બંધ એનો એકદેશ અભાવ થઇને સંવર નિર્જરા થાય, અને સર્વથા અભાવ થઇને પરિપૂર્ણ મોક્ષ અવસ્થા થાય, તે અવસ્થા પણ પરદ્રવ્યના સંયોગ જનિત પર્યાય છે. એકમાં સદ્‌ભાવ નિમિત્ત છે અને એકમાં અભાવ નિમિત્ત છે. એટલે નિમિત્ત સાપેક્ષ પરિણામ છે અને ભગવાન આત્મા નિમિત્ત નિરપેક્ષ છે. **તો પરદ્રવ્યના સંયોગજનિત** આ પ્રમત્ત-અપ્રમત્ત દશાઓના ભેદ જે પ્રગટ થાય છે એ કર્મકૃત છે, એ જીવકૃત નથી. પ્રમત્તની અવસ્થા જીવ કરતો નથી અને અપ્રમત્તનો કર્તા નથી આત્મા, કેમકે (આત્મા) નિષ્ક્રિય અને અકર્તા છે.

એ જ્ઞાયક છે એમાં કરવું ન હોય, જ્ઞાયક છે એમાં જાણવું હોય. એ જાણનારને જાણતાં જાણતાં એમ જણાઇ ગયું કે આ પ્રમત્ત-અપ્રમત્ત દશાઓ બધી પુદ્ગલની અવસ્થાઓ છે, એ કર્મકૃત છે. એનો કરનાર પુદ્ગલ છે, હું કરનાર નથી. આહાહા! અશુધ્ધ પર્યાય અને શુધ્ધ પર્યાય, એ બે પુદ્ગલદ્રવ્યના સંયોગ જનિત પર્યાય છે, એમ ક્યારે જાણી શકાય છે? કે જ્ઞાયક જાણનારને અંતર-સન્મુખ થઇને જ્યાં જાણ્યું, અને એમાં નજર રાખીને અહીંયા જોયું, તો એ પુદ્ગલદ્રવ્યના સદભાવ અને અભાવથી ઉત્પન્ન થતા દ્રવ્યો છે.

મારાથી એ ભેદો ઉત્પન્ન થતા નથી. ઉત્પાદનો ઉત્પાદક હું નથી. એ ઉત્પાદનો ઉત્પાદ(ક) પર્યાય છે અને નિમિત્તપણે પરદ્રવ્ય છે. હું તો એનો ઉત્પાદક ઉપાદાનપણે પણ નથી અને નિમિત્તપણે હું નથી. **પરદ્રવ્યના સંયોગજનિત** અવસ્થાઓ છે, આહાહા! આ પરમાર્થ પ્રતિક્રમણમાં આ બધા ભેદોને કહ્યું કે એ બધા હું કર્તા નથી, કારયિતા નથી, કારણ નથી ને અનુમોદક નથી. પુદ્ગલદ્રવ્ય આ વિભાવભાવોને, ભેદને કરે છે પણ હું તો એને અનુમોદન આપતો નથી. એ વાત અહીંયા કરી છે.

**જે પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે તે તો,** આ રીતે આત્માને એણે એક સમય પણ જોયો નથી. પર્યાય સહિતનો (આત્મા) જોતાં પર્યાયનો સ્વામી લાગે છે. પર્યાય રહિત જોતાં દ્રવ્યનો સ્વામી થઇ જાય છે. સ્વ-સ્વામી સંબંધ પર્યાયની સાથે થયો છે અનંતકાળથી અજ્ઞાનમાં, એ પર્યાયને જ જુએ છે અને દ્રવ્યને જોતો નથી. હવે પર્યાયથી રહિત હું છું ત્યાં દ્રવ્યદ્રષ્ટિ થઇને અનુભવ થાય છે. પર્યાય, પર્યાયમાં રહી જાય છે અને નવી પર્યાય દ્રવ્યને પ્રસિધ્ધ કરે છે. **જે પ્રમત્ત અપ્રમત્તના ભેદ છે તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે.** સંવર, નિર્જરા ને મોક્ષ, એ પરદ્રવ્યના સંયોગ જનિત અવસ્થા છે, અભાવ એમાં નિમિત્ત થાય છે. હું તો પ્રથમથી જ છું, આહાહા! હું સંવર, નિર્જરા અને મોક્ષનો ઉત્પાદક નથી. **એ અશુધ્ધતા**, લ્યો! પ્રમત્ત અને અપ્રમત્ત બેય અશુધ્ધનયનો વિષય છે. **એ અશુધ્ધતા**, પ્રમત્ત અને અપ્રમત્તની અશુધ્ધતા, આહાહા!

મુમુક્ષુ:- પ્રમત્ત અને અપ્રમત્તની અશુધ્ધતા,પોતાની અશુધ્ધતા.

ઉત્તર:- એની અશુધ્ધતા, આહાહા! ત્રિકાળ શુધ્ધતા તે દ્રવ્યની છે અને ક્ષણિક શુધ્ધતા અને અશુધ્ધતા, આહાહા! એ બધી પુદ્ગલદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે. માટે અશુધ્ધનયનો વિષય છે. **એ અશુધ્ધતા દ્રવ્યદ્રષ્ટિમાં ગૌણ છે**. પ્રમત્ત અને અપ્રમત્ત એ બે ભેદો, એની જે અશુધ્ધતા, આહાહા! આમ દ્રવ્ય શુધ્ધ છે અને આ ભેદ અશુધ્ધનયનો વિષય છે. શુધ્ધપર્યાય પણ અશુધ્ધનયનો વિષય છે. શુધ્ધઆત્મા શુધ્ધનયનો વિષય છે.

મુમુક્ષુ:- બહુ સરસ. सामान्य शुद्धम!

ઉત્તર:- **सामान्य शुद्धम विशेष अशुद्धम**, આહાહા! **અશુધ્ધતા**, પ્રમત્ત-અપ્રમત્તની **અશુધ્ધતા દ્રવ્યદ્રષ્ટિમાં ગૌણ છે**, આહાહા! જ્યાં આમ દ્રવ્યદ્રષ્ટિ કરી અભેદ, તો એભદમાં ભેદ દેખાતો નથી. એ ગૌણ થઇ જાય છે. એનું લક્ષ છૂટી જાય છે. ગૌણ એટલે લક્ષ છૂટી જાય છે. ત્રિકાળીનું લક્ષ થાય છે. **એ અશુધ્ધતા વ્યવહાર છે**, પ્રમત્ત-અપ્રમત્તની બે દશાઓ, તે નિશ્ચય નથી પણ (વ્યવહાર છે), કેમકે ભેદ છે માટે વ્યવહાર છે. બીજુ, પરાશ્રિત છે માટે વ્યવહાર છે. આશ્રવ-બંધ તો પરાશ્રિત છે પણ સંવર, નિર્જરા અને મોક્ષ પણ પરાશ્રિત છે, પરની અપેક્ષા આવે એવો પરાશ્રિત છે.

મુમુક્ષુ:- વાહ-વાહ! પરની અપેક્ષા આવે એવો પરાશ્રિત.

ઉત્તર:- એવો પરાશ્રિત ભાવ છે. અહીંયાં તો ત્રિકાળી સામાન્ય શુધ્ધાત્મા બતાવવો છે, અહાહા! ક્યાંક ખૂણે ખાંચરે જો એ સંવર, નિર્જરા અને મોક્ષની અધિકતા આવી ગઇ તો દ્રવ્યદ્રષ્ટિ નહીં થાય. આહાહા!

મુમુક્ષુ:- સમુદ્રની શાંત અવસ્થા પવનને આશ્રિત છે. પવનના અભાવને આશ્રિત છે.

ઉત્તર:- બસ. હાં! પવનનું વાવું અને ન વાવું એ બે એમાં નિમિત્ત છે. માટે નિમિત્તથી નિરપેક્ષ, નૈમિત્તિકથી પણ નિરપેક્ષ, એવો સ્વભાવભાવ એકરૂપ છે. આહાહા! એ શુદ્ધનયનો વિષય છે. એ ઉપાદેય છે. એ આશ્રય કરવા યોગ્ય છે. એમાં અહમ્ કરવા યોગ્ય છે. કર્મજનિત ભાવો તે ગૌણ કરી **વ્યવહાર** કહી અને **અભૂતાર્થ** અને **અસત્યાર્થ છે.** એ કાંઇ આત્મા (નથી), પ્રમત્ત અને પ્રમત્ત અભૂતાર્થ છે એટલે આત્માના સ્વભાવમાં એનું ન હોવું. અને અસત્યાર્થ એ કાંઇ સાચો આત્મા ખરેખર નથી. એ તો સ્વાંગ છે પ્રમત્ત-અપ્રમત્તની દશાઓ. એનો તો અભાવ થાય છે. સિદ્ધ અવસ્થામાં એનો અભાવ થાય છે. આહાહા!

મુમુક્ષુ:- ક્ષણિક અશુદ્ધતા અશુદ્ધનયનો વિષય છે અને ક્ષણિક શુદ્ધતા પણ અશુદ્ધનયનો વિષય છે.

ઉત્તર:- હાં! અશુદ્ધનયનો વિષય છે, કેમ? કારણ શું? કે પરદ્રવ્યના સંયોગજનિત અવસ્થાઓ છે એ. અને આત્માને આશ્રયે થાય એમ લ્યો, તો એ ભેદ, અભેદ આત્મારૂપે થાય છે. આ તો ભેદથી જુઓ તો એ કર્મજનિત છે, અભેદથી જુઓ તો આત્મા છે. સંવર, નિર્જરા અને મોક્ષ, ભેદથી જુઓ તો કર્મકૃત છે. અભેદથી જુઓ તો, સંવર, નિર્જરા અને મોક્ષના ભેદ દેખાતા નથી, એ તો આત્મા છે.

મુમુક્ષુ:- સંવર-નિર્જરાને બે પડખે લીધા.

ઉત્તર:- હાં! આહાહા! સંવર-નિર્જરા જ્યાં વિચાર આવ્યો ભેદનો, ત્યાં એ કર્મસાપેક્ષ ભાવ થઇ ગયો.

મુમુક્ષુ:- સંવર-નિર્જરા જ્યાં ભેદનો વિચાર આવ્યો ત્યાં કર્મસાપેક્ષ થઇ ગયું. અભેદ થયો, તો એ જ આત્મા છે.

ઉત્તર:- હા, અભેદ આત્મા છે. પછી કેને કહેવું સંવર ને કેને કહેવી નિર્જરા? એ તો આત્મા છે, એ જ્ઞેય અભેદ થઇ ગયું. અભેદ જ્ઞેય. **અભૂતાર્થ (છે), અસત્યાર્થ છે**, લક્ષ કરવાયોગ્ય નથી પરિણામ, **ઉપચાર છે**. એ બધા પ્રમત્ત-અપ્રમત્તના ભેદો એ જીવના ભાવ છે, એ ઉપચારનું કથન છે, વાસ્તવિક કથન નથી. આહાહા! જીવ એનાથી જુદો છે. પ્રમત્ત-અપ્રમત્ત દશાથી જુદો જ્ઞાયકભાવ. એક દ્રષ્ટિમાં લેતાં નિર્વિકલ્પ આત્માનું સહેજ અનુભવ થાય છે. દ્રષ્ટિમાં લેવા યોગ્ય તો આત્મા છે. દ્રષ્ટિમાં લેવા યોગ્ય પરિણામ નથી. **ઉપચાર છે.**

હવે આગળ, **દ્રવ્યદ્રષ્ટિ શુદ્ધ છે**. દ્રવ્ય તો શુદ્ધ છે પણ દ્રવ્યની દ્રષ્ટિ થઇ તે શુદ્ધ છે.

મુમુક્ષુ:- હવે અભેદ.

ઉત્તર:- અભેદ. પર્યાયનો ભેદ નહીં, આહાહા! **દ્રવ્યદ્રષ્ટિ શુદ્ધ છે**. એટલે કે દ્રષ્ટિનો વિષય તો શુદ્ધ છે પણ એ દ્રષ્ટિના વિષયને દ્રષ્ટિમાં લીધું તો એ દ્રષ્ટિ એભદ છે માટે શુદ્ધ છે. જો ભેદ હોય તો કર્મજનિત છે. **દ્રવ્યદ્રષ્ટિ શુદ્ધ છે**. જેમ આત્મા શુદ્ધ છે એમ દ્રષ્ટિને દ્રષ્ટિનો વિષય, અભેદ કરો તો શુદ્ધ છે, ભેદ કરો તો અશુદ્ધ છે. આ વિષય ગુરુદેવે પણ આ રીતે લીધો છે, ખાસ માર્ક કરીને મેં વાંચ્યું હતું. એ અઢારમી વખતના આપણા વ્યાખ્યાન છે ને, એમાં છપાઇ ગયું છે. એમાં આ બોલમાં **દ્રવ્યદ્રષ્ટિ શુદ્ધ છે** કેમકે દ્રવ્ય શુદ્ધ છે એ તો આવી ગઇ છે વાત, પણ દ્રવ્યની દ્રષ્ટિ થઇ એ પણ શુદ્ધ

છે. એ શુધ્ધ છે, જો અભેદથી જુઓ તો શુધ્ધ છે. પર્યાય અને દ્રવ્યને જુદા દેખો (તો અશુધ્ધ છે). તો દ્રષ્ટિ ક્યાં શુધ્ધ રહી? એ અભેદપણે શુધ્ધ છે. ત્રિકાળ અભેદ અને ક્ષણિક અભેદપણે એ શુધ્ધ છે.

મુમુક્ષુઃ- ધ્યેયપૂર્વક જ્ઞેય છે તે શુધ્ધ છે.

ઉત્તરઃ- શુધ્ધ જ છે. ધ્યેય તો શુધ્ધ છે.

મુમુક્ષુઃ- જ્ઞેય પણ શુધ્ધ છે.

ઉત્તરઃ- પણ જ્ઞેય પણ શુધ્ધ છે. ધ્યેયમાં ગુણભેદ દેખાતો નથી અને જ્ઞેયમાં પર્યાયનો ભેદ દેખાતો નથી.

મુમુક્ષુઃ- બરાબર! ધ્યેયમાં ગુણભેદ દેખાતો નથી.

ઉત્તરઃ- અને જ્ઞેયમાં પર્યાયભેદ દેખાતો નથી. ભેદ છે પણ દેખાતો નથી. શું શબ્દ છે?

મુમુક્ષુઃ- **भेद दिखाई देता नहीं है।**

ઉત્તરઃ- **भेद दिखाई देता नहीं है।**

મુમુક્ષુઃ- ભેદ છે પણ भेद दिखाई देता नहीं है।

ઉત્તરઃ- (भेद दिखाई) देता नहीं है, એનું નામ નિર્વિકલ્પ ધ્યાન છે. આ નિર્વિકલ્પ ધ્યાનમાં સ્થિતિ થાય છે. સવિકલ્પમાં આવીને જ્ઞાનીઓ આ પ્રમાણે બીજાને સમજાવે છે. **દ્રવ્યદ્રષ્ટિ શુધ્ધ છે**, બીજો શબ્દ છે **અભેદ છે.** આવ્યું ને? **અભેદ છે** એ. દ્રવ્યની જે દ્રષ્ટિ થઇ એ દ્રષ્ટિ દ્રવ્યથી અભેદ છે. એનું નામ અભેદ જ્ઞેય કહેવામાં આવે છે. જૂનું અભેદ અને નવું અભેદ. આહાહા! છે અભેદ શબ્દ છે આમાં. આ ત્રિકાળ અભેદની વાત નથી, ક્ષણિક અભેદ.

મુમુક્ષુઃ- દ્રવ્યદ્રષ્ટિની વાત છે.

ઉત્તરઃ- દ્રવ્યદ્રષ્ટિ થઇ, એ દ્રષ્ટિ દ્રવ્યમાં ભિન્ન છે કે અભિન્ન? કે અભિન્ન. સમ્યગ્દર્શન ભિન્ન છે કે અભિન્ન? કે અભિન્ન. સમ્યક્દર્શન આત્મા છે, સમ્યક્જ્ઞાન આત્મા છે, એમ પર્યાય શબ્દ લખ્યો નથી.

મુમુક્ષુઃ- અભેદ છે.

ઉત્તરઃ- અભેદ છે એટલે આત્મા છે, આહાહા! ભેદથી જુઓ તો પર્યાય છે. હવે જો, ભેદથી જો પર્યાય છે, તો અનુભવ નથી થતો એમાં. આ એક એવી ડેલિકેટ (નાજુક) વાત છે, ડેલિકેટ છે. કે એક વાર પર્યાયથી ભિન્ન આત્માને કહ્યો અને પછી પર્યાયથી દ્રવ્ય અભિન્ન થાય છે. આ શું? આ શું ચમત્કારિક વાત છે એ? આ ચમત્કાર છે. અહાહા! આ વાત હિંમતનગરમાં કરી હતી. જવાહર(ભાઈ)ની સાથે વાત થઇ રાત્રે. ભાઇ!, (એમણે કહ્યું) પણ કે જો પર્યાય અભેદ થાય તો-તો દ્રષ્ટિનો વિષય મોળો પડી જાય. મોળો એટલે ઢીલો પડી જાય. ઢીલો થઈ જાય. મેં કહ્યું: ના, દ્રષ્ટિનો વિષય સમ્યક્ થઇ જાય, અભેદ થાય ત્યારે.

મુમુક્ષુઃ- બરાબર. સાચો થઈ જય છે.

ઉત્તરઃ- આહાહા! આ એક વાત.

મુમુક્ષુઃ- સમ્યક્ થઇ જાય એમ કહે છે, વધારે દૃઢ થઇ જાય એમ નથી કહેતા.

ઉત્તરઃ- સમ્યક્ થઇ જાય. આહાહા! આ વાત તમે લક્ષમાં રાખજો. અનુભવ થશે ત્યારે તમને

કામ આવશે. હમણાં ડિપોઝીટ (deposit) રાખજો. ન બેસે તો મગજમાં રાખજો. આહાહા! એ વાત કરે છે. આનું નામ સ્યાદવાદ છે. કથંચિત્ શુદ્ધપર્યાય ભિન્ન, અને કથંચિત્ અભિન્ન. આ પ્રમાણમાં જ્યારે આવોને, જ્ઞાનપ્રધાન કથન, ત્યારે શુદ્ધપર્યાય કથંચિત્ ભિન્ન-અભિન્ન આવે. પણ દ્રષ્ટિ અપેક્ષાએ તો શુદ્ધપર્યાય પરદ્રવ્ય છે. દ્રષ્ટિ અપેક્ષાએ તો સર્વથા ભિન્ન છે.

મુમુક્ષુ:- ત્યારે તો દ્રવ્ય દ્રષ્ટિમાં આવે છે.

ઉત્તર:- આવે. અને સર્વથા ભિન્ન પછી કથંચિત્ ભિન્ન-અભિન્ન અનુભવના કાળમાં થઇ જાય.

મુમુક્ષુ:- સર્વથા ભિન્ન પછી કથંચિત્ અભિન્ન.

ઉત્તર:- અભિન્ન, ભિન્ન-અભિન્ન એ અનુભવના કાળમાં થાય. આહાહા! ત્યારે બે નયનો જ્ઞાતા થઇ ગયો એ. છે ઝીણું જરાક! સમજી ગયા? ને ઝીણું જ હોય.

મુમુક્ષુ:- ગમે એવું છે.

ઉત્તર:- અરૂપી તત્ત્વ છે આ.

મુમુક્ષુ:- દ્રવ્યદ્રષ્ટિ શુદ્ધ છે, અભેદ છે એ સારો ખુલાસો આવ્યો.

ઉત્તર:- હાં! અને આ ખુલાસો ગુરુદેવે કર્યો છે એના વ્યાખ્યાનમાં. **દ્રવ્યદ્રષ્ટિ શુદ્ધ છે, અભેદ છે, નિશ્ચય છે,** નિશ્ચય એટલે પર્યાયથી અભેદ થયો એ નિશ્ચય છે. અને **ભૂતાર્થ છે**, એ વાત સાચી છે. આ અભેદ થાય છે એ વાત સાચી છે. અને **સત્યાર્થ છે**, એ વાત સાચી છે ને **પરમાર્થ છે**. આહાહા! આ એકલો ત્રિકાળી દ્રવ્યના પક્ષમાં રહેલો જીવ મધ્યસ્થ થતો નથી એટલે આ સમજાતું નથી. પર્યાય પ્રત્યે દ્વેષ અને દ્રવ્યનો રાગ રહી જાય છે, અનંતાનુબંધીનો.

મુમુક્ષુ:- અનતાનુબંધીનો રહી જાય છે.

ઉત્તર:- અનંતાનુબંધીનો પર્યાયનો દ્વેષ કર્યા જ કરે. આહાહા! દ્રવ્યમાં પર્યાયનો અભાવ, પર્યાયનો અભાવ. દ્રવ્યમાં પર્યાય છે જ નહીં. આહાહા! પણ પર્યાય આત્મા થઇને અનુભવ થાય છે ત્યારે પર્યાયનો ભેદ ન રહેતાં, એ આત્મા થઇ જાય છે, એ બીજું પડખું રહી ગયું.

આ વાત પંકજ! તમારા બાપાજીની સાથે સોનગઢમાં થયેલી. **દ્રવ્ય-દ્રષ્ટિ પ્રકાશ** વાંચીને દ્રવ્યનું પડખું એકદમ મજબૂત કરી લીધું, સંધ્યા. દ્રવ્યનું પડખું એકદમ મજબૂત કેમકે એ તો આખો **દ્રવ્ય-દ્રષ્ટિ પ્રકાશ** એનું નામ જ છે. કેમકે દ્રવ્ય દ્રષ્ટિની પ્રધાનતાથી આખી એની વાત હતી. સમજી ગયા? ત્યારે કહ્યું કે તમે જે વાત વિચારી છે એ તો બરાબર જ છે. એમાં કાંઇ ફેરફાર કરવાની જરૂર નથી. પણ દૂધ કઢેલું છે પણ જરાક એમાં મેળવણ નાખશો તો દહી થાશે અને ઘી નીકળશે. *એ શું?* મેં કહ્યું પર્યાય જ્યારે આ દ્રવ્યસ્વભાવ છે, એમ સ્વીકારશે, ત્યારે પર્યાય આત્મા થાશે, સહિત થઇ જાશે. ના, ના, ના, એ ન હોય, રહિત જ હોય. જરા વિચારજો.

મુમુક્ષુ:- જ્ઞાનનો દ્રોહ થઇ ગયો.

મુમુક્ષુ:- એ જ શબ્દ વાપર્યો તો. જ્ઞાનનો દ્રોહ થાય છે.

ઉત્તર:- જ્ઞાનનો દ્રોહ થશે.

મુમુક્ષુ:- ભાઇ! એ જૂના ઘેરે. પેલાં નવા ઘેરે નહીં, જૂના ઘેરે બપોરે. હું હતો એ વખતે.

ઉત્તર:- હતો?

મુમુક્ષુ:- હાં! હું હતો ને જૂના ઘેરે તમે કેટલું કીધું, પણ ક્રોધ થતો જ નથીને મારામાં. મારામાં ક્યાં ક્રોધ થાય છે? અરે બાપુ! સાંભળો તો જરા. આ જ્ઞાનનો દ્રોહ થાય છે. આ જ્ઞાનનો દ્રોહ આપ બોલ્યાને ત્યારે મને શબ્દ યાદ આવ્યા કે આપ બરાબર બોલ્યાતા કે જ્ઞાનનો દ્રોહ થઇ જાય છે.

ઉત્તર:- આહાહા! પણ પર્યાય જે ઉપયોગ લક્ષણ છે, એ ઉપયોગ આત્માથી અભિન્ન, અનન્ય થઇને અનુભવે છે. એ દ્રવ્ય ને પર્યાય જુદું રહે, આહાહા! તો શુધ્ધોપયોગ ન કહેવાય. શુધ્ધોપયોગ ક્યારે કહેવાય? કે શુધ્ધથી અનન્ય થયો ત્યારે શુધ્ધોપયોગ થયો. ત્યાં સુધી ઉપયોગ હતો.

મુમુક્ષુ:- શુધ્ધોપયોગ ક્યારે કહેવાય કે જ્યારે શુધ્ધથી અનન્ય થયો ત્યારે શુધ્ધોપયોગ કહેવાય.

ઉત્તર:- ત્યારે એ અભેદ થઈ જાય છે.

મુમુક્ષુ:- ત્યાં સુધી એ ઉપયોગ કહેવાય.

ઉત્તર:- ઉપયોગ કહેવાય, બરાબર છે. ઉપયોગ તો આત્માથી ભિન્ન છે, પણ શુધ્ધોપયોગ કથંચિત્ અભિન્ન છે. ઉપયોગ તો આત્માથી ભિન્ન છે પણ શુધ્ધોપયોગ તો કથંચિત્ આત્માથી અભિન્ન છે, અનુભવના કાળે.

મુમુક્ષુ:- ઉપયોગ તો આત્માથી ભિન્ન છે. પણ શુધ્ધોપયોગ કથંચિત્ અભિન્ન છે.

ઉત્તર:- પણ શુધ્ધોપયોગ કથંચિત્ અભિન્ન છે. અને આગમ પધ્ધતિથી જોઇએ તો એ ઉપયોગ લક્ષણ પણ આત્માથી અનન્ય છે. પણ અત્યારે તો અહીંયા શુધ્ધોપયોગ થાય છે એ અભેદ થાય છે, દ્રવ્યદ્રષ્ટિ શુધ્ધ છે, એની વાત છે.

મુમુક્ષુ:- જ્ઞેયની વાત ચાલે છે.

ઉત્તર:- અહીંયા જ્ઞેયની વાત ચાલે છે. આ બીજું પડખું છે. હમણા દિનેશભાઇનો ફોન આવ્યો ને, ત્યારે મેં જલદી હા પાડી દીધી, રવિવારની. સમજી ગયા? એક વખત ત્યાં સામાન્ય અને વિશેષના બે પડખાની વાત કરી હતી. એટલે કહ્યું કે આ વખતે જરા સામાન્ય-વિશેષ બે પડખાં છે. આહાહા! એ હમણાં ચાલે છે છઠ્ઠી ગાથાના બે પડખાં, એટલે પછી કહ્યું ભલે.

મુમુક્ષુ:- વ્યાખ્યાનમાં આ લેશો?

ઉત્તર:- વ્યાખ્યાનમાં.. ના, સામાન્ય-વિશેષ ઉપર લઇશ. હવે શું લેવો વિષય એ પછી જોશું એ ટાઇમે. તમે તો અહીંયા નથી ને એ ટાઇમે? છો, ચૌદ તારીખે, ઠીક. આહાહા! શું કહ્યું? આહાહા! પક્ષમાં આવ્યા પછી પંકજ! જ્ઞાન મધ્યસ્થ થતું જાય છે. મધ્યસ્થ થતું પક્ષ વિલીન થવા માંડે છે. આની કોર દ્રવ્યના પક્ષથી રાગ હતો અને પર્યાય મારામાં નથી એનો નિષેધાત્મક દ્વેષ હતો. એ અહીંયા રાગ ઘટે છે ત્યાં દ્વેષ ઘટે છે. રાગ ઘટતો-ઘટતો ને દ્વેષ ઘટતો-ઘટતો બેયનો અભાવ એક સમયમાં થઇને, અનુભવ થાય છે. ત્યારે એ જ્ઞાન મધ્યસ્થ થયું, અનભુવ થયો, એમ કહેવામાં આવે છે. ત્યાં સુધી તો પક્ષ છે. આહાહા! પક્ષાતિક્રાંત થાય ત્યારે દ્રવ્યદ્રષ્ટિ શુધ્ધ છે. દ્રવ્યદ્રષ્ટિ શુધ્ધ થઇ ત્યારે! અભેદ થઇ ત્યારે!

મુમુક્ષુ:- બે નયોનો જ્ઞાતા થયો ત્યારે.

ઉત્તર:- હાં! જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેયની અભેદતા છે. જ્ઞાન જુદું ને જ્ઞાયક જુદો, છે નહીં. આહાહા!

મુમુક્ષુ:- દ્રવ્ય શુધ્ધ છે અને દ્રવ્યદ્રષ્ટિ શુધ્ધ છે એમાં રહસ્ય છે.

ઉત્તર:- રહસ્ય છે. અભેદ છે. અભેદ થઇ ગયું, આહાહા! પછી પાછો અભેદ શબ્દ વાપર્યો. અભેદ વાપર્યો.

મુમુક્ષુ:- અમે તો સમજયા (કે) આપ બોલો છો, હમણાં આમાં (સમયસારમાં) જોયું ત્યારે આમાં લખેલું છે, અભેદ.

ઉત્તર:- આમાં લખેલું છે. હું આનો જ અર્થ કરું છું.

મુમુક્ષુ:- ભગવાનનો ભેટો થશે, એનું જ નામ છે એ.

ઉત્તર:- હા! ભગવાનનો ભેટો થયો ત્યારે ભગવાન થઇ જાય, પર્યાય ન રહે. આહાહા! એનું નામ સંવર ન રહે, એ તો આત્મા થઇ ગયો. આવે છે કે અનુભૂતિ કહો, શુધ્ધનય કહો કે આત્મા કહો. જો ચૌદમી ગાથા કાઢોને. આપણે અહીંયા જ છે હાજર. લ્યો!

જ્ઞાની લખતાં-લખતાં વિષય બદલાવી નાખે. તમારા મગજમાં ઓલું ચાલતું હોય અને આ વિષય બદલાવીને તમને જ્ઞાન કરાવ્યું, એ તમારી નજર ન પડી. તમે તો અનુભૂતિ તો પર્યાય છે, અનુભૂતિ તો પર્યાય છે, આત્મા કયાં છે? પછી ખ્યાલમાં નહીં આવે. શાસ્ત્ર સ્વાધ્યાય એમાં પણ બહુ રહસ્ય હોય છે. વિષય ફટ્ પલટાવી નાખે. દ્રષ્ટિના વિષયથી વાત કરતાં-કરતાં એ જ્ઞાનના વિષયમાં આવી જાય. એમાં ન કહે કે જ્ઞાનનો વિષય છે, જુઓ!

**નિશ્ચયથી**, ચૌદમી ગાથાની **ટીકા:- નિશ્ચયથી અબધ્ધ-અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત - એવા આત્માની જે અનુભૂતિ**, છે તો આત્માની અનુભૂતિ, રાગની અનુભૂતિ નથી. **આત્માની જે અનુભૂતિ તે શુધ્ધનય છે, અને એ અનુભૂતિ (આત્મા જ છે)** અરે! પર્યાય છે કે આત્મા?

મુમુક્ષુ:- આત્મા જ છે.

ઉત્તર:- પર્યાય છે તો અનુભૂતિ નથી અને આત્મા છે તો અનુભૂતિ છે. પર્યાયનો ભેદ દેખાતો નથી. भेद दिखाई देता नहीं है।

મુમુક્ષુ:- એનું નામ અનુભૂતિ છે.

ઉત્તર:- એનું નામ અનુભૂતિ અને **એ અનુભૂતિ આત્મા જ!** આહાહા! શું કહ્યું?

મુમુક્ષુ:- **આત્મા જ છે**.

ઉત્તર:- હવે આખો દ્રષ્ટિનો વિષય ચૌદમી ગાથામાં દીધો. અને એની સાથે જ્ઞાન ભેળવી દીધું.

મુમુક્ષુ:- ત્યારે જ ભાઇ! પૂરો થાય.

ઉત્તર:- દ્રષ્ટિનો વિષય દીધો. પ્યોર (pure) દ્રષ્ટિનો વિષય.

મુમુક્ષુ:- ભાઇ! અને અનુભૂતિ આત્મા જ છે તો જ્ઞાન ભેળવી દીધું.

ઉત્તર:- જ્ઞાન ભેળવી દીધું, એ આત્મા થઇ ગયો, ખરો હવે. એ દ્રષ્ટિનો વિષય સાચો થયો.

મુમુક્ષુ:- એનું નામ જ દ્રવ્યદ્રષ્ટિ છે.

ઉત્તર:- નહીંતર દ્રવ્યદ્રષ્ટિના વિષયથી મોહક્ષપણનું કારણ થાય છે પણ મોહ ક્ષય થતો નથી. અનુભૂતિના કાળે મોહ ક્ષય થઇ જાય છે. ત્યારે અનુભૂતિ પર્યાય દેખાતી નથી પણ આત્મા દેખાય છે. આહાહા!

મુમુક્ષુ:- એ રીતે જ આત્મા એક પ્રકાશમાન થાય છે.

મુમુક્ષુ:- નિશ્ચયનયના પક્ષમાં મોહ ક્ષપણનું કાર્ય તો થાય છે પણ ક્ષય થતો નથી.

ઉત્તર:- **અને એ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે**, લ્યો? આહાહા! આ આત્મા અને (આ) અનુભૂતિ એમ બેપણું દેખાતું નથી. એ **પ્રકાશમાન** થયો આત્મા, લ્યો, પ્રગટ થયો. દ્રષ્ટિના વિષયની વાત કરતાં-કરતાં જ્ઞાનને લઇ લીધું ભેગું. કેવળજ્ઞાનની પર્યાય પરદ્રવ્ય અને અનુભવ થાય તે સ્વદ્રવ્ય. શ્રુતજ્ઞાાન તે સ્વદ્રવ્ય, અભેદની વિવિક્ષાથી. ભેદની અપેક્ષાએ કેવળજ્ઞાન પરદ્રવ્ય, શ્રુતજ્ઞાન અભેદ થાય તો આત્મા થઇ ગયો. આ શું પણ છે? આ શું વાત કરે છે? કે કેવળજ્ઞાનની પર્યાયને ભેદથી દેખીશ તો કર્મકૃત છે અને શ્રુતજ્ઞાનને અંતરસન્મુખ થઇને આત્મા છે એમ જાણીશ તો, એ આત્મા છે. અનુભૂતિ તે આત્મા જ છે. છે ને? આમાં લખેલું છે ને?

મુમુક્ષુ:- ભેદનો કેટલો નિષેધ છે!

ઉત્તર:- ભેદનો નિષેધ કરતાં-કરતાં એભદ થાય તો આવકાર કરી લીધો, આવ-આવ પર્યાય આવ. આહાહા! તું મારામાં નથી, મારામાં નથી, મારામાં નથી, એમ કરતો હતો પણ તારા સહારા વિના મને પ્રસિધ્ધ કોણ કરશે? અને તું પ્રસિધ્ધ કરીશ તો તો તું આત્મા થઇ જાઇશ. તું મને પ્રસિધ્ધ કર તો આત્મા થાઇશ. તારે આત્મા થવું હોઇ, પર્યાયને દ્રવ્ય કહે છે, તારે આત્મા થવું હોયને તો મને અભેદ થઇને પ્રસિધ્ધ કરી લે. તો તારું નામ પર્યાય નહીં રહે પણ તારું નામ આત્મા થઇ જશે.

મુમુક્ષુ:- પણ મોટા માણસની ઓળખાણમાં મોટા થવાય કે નહીં?

ઉત્તર:- મોટા થવાય. થવાય! આ તો કોઇ અદ્‌ભૂત ચમત્કારિક વાત, ગુરુ પણ પોતે અને શિષ્ય પણ પોતે. જુઓ! **દ્રવ્યદ્રષ્ટિ શુધ્ધ છે, એભદ છે,** એ **નિશ્ચય છે**. વ્યવહાર નથી. **ભૂતાર્થ છે, સત્યાર્થ છે, પરમાર્થ છે. માટે આત્મા જ્ઞાયક જ છે; તેમાં ભેદ નથી તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી.** ભેદથી જુઓ તો પ્રમત્ત-અપ્રમત્ત છે. અભેદથી જુઓ તો એ આત્મા છે.

હવે, (ભાવાર્થનો) પહેલો પારો પૂરો થયો. (ટીકાના) પહેલા પારાનો સ્પષ્ટીકરણ ભાવાર્થમાં પૂરું થયું, છઠ્ઠીનો પહેલો પારો. હવે છઠ્ઠી ગાથાના (ટીકાના) બીજા પારાની વાત આવે છે.

ઉપર હતુંને, **વળી દાહ્યના આકારે થવાથી**, એ બીજા પારાનું સ્પષ્ટીકરણ કરે છે. '**જ્ઞાયક' એવું નામ પણ તેને** એટલે આત્માને, **જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે**. એટલે જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે, જેમ લાકડું છે, અગ્નિ લાકડાને બાળે છે તો તેને અગ્નિ કહેવાય. જે અગ્નિને જાણતો નહોતો એને 'લાકડાને બાળે તે અગ્નિ' -બરાબર એને ખ્યાલ આવે છે. અહાહા! એમ આત્માને જ્ઞાયક કેમ કહ્યું? કે જ્ઞેય જણાય છે, જ્ઞેયને જાણે છે માટે આત્માને જ્ઞાયક, આહાહા! જાણવાથી, આહાહા! **જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે** જ્ઞાયકનું નામ. કારણ આપે છે. **કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે,** જુઓ! જ્ઞેય જ્ઞાનમાં આવતું નથી! આહાહા!

આ દર્પણ છે એમાં દર્પણમાં જ્ઞેય આવતું નથી. જ્ઞેય એમાં ઝળકે છે. જ્ઞેય ભિન્ન છે ને દર્પણ ભિન્ન છે એમ, **કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે**, પ્રતિભાસે છે, **ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે**. જેવું ઝળકે છે તેવું જ અનુભવાય છે. **તોપણ**, આહાહા! **જ્ઞેયકૃત અશુધ્ધતા તેને નથી**. હવે જ્ઞેય ઝળકે છે ત્યારે જ્ઞેય જણાય છે કે જ્ઞાન જણાય છે?

મુમુક્ષુ:- જ્ઞાન જણાય છે.

ઉત્તર:- જ્ઞેય જણાય છે તો જ્ઞેયકૃત અશુધ્ધ્તા અને જ્ઞાન જણાય છે તો જ્ઞેયકૃત અશુધ્ધ્તા લાગુ પડતી નથી. સૂક્ષ્મ વાત છે.

મુમુક્ષુ:- શું જણાય છે એના ઉપર તો આધાર છે.

ઉત્તર:- ધીમે-ધીમે જુઓ. આમાં શું કહ્યું? કે જ્ઞેયનો પ્રતિભાસ થાય છે અને એ વખતે એવું પણ અનુભવાય છે. **તોપણ જ્ઞેયકૃત અશુધ્ધ્તા તેને નથી**. એટલે કે જે જણાય છે એમાં અહમ્ થતું નથી અને જે જ્ઞેય જણાય છે માટે જ્ઞાન પ્રગટ થાય છે, એમ પણ નથી. જ્ઞેય ભિન્ન છે અને જ્ઞાન ભિન્ન છે. તો પણ, ક્રોધ જણાતાં આત્મા ક્રોધી થતો નથી. ક્રોધનો પ્રતિભાસ થયો તો કાંઇ જ્ઞાન ક્રોધરૂપે થતું નથી. દર્પણમાં અગ્નિનો પ્રતિભાસ થયો તો દર્પણ કાંઇ ગરમ થઇ ગયું? થતું નથી. એમ, **તોપણ જ્ઞેયકૃત અશુધ્ધ્તા તેને નથી.** દુ:ખ જણાય તો આત્મા દુ:ખી થઇ જાય? આહાહા! દુ:ખ ભિન્ન છે ને જ્ઞાન ભિન્ન છે. **તોપણ જ્ઞેયકૃત અશુધ્ધ્તા તેને નથી**. એટલે જ્ઞેય કર્તા થાય અને જ્ઞાન અહીંયા કર્મ થાય એમ જ્ઞેય અને જ્ઞાનને કર્તા-કર્મ સંબંધનો અભાવ છે. અને નિમિત્ત-નૈમિત્તિક સંબંધને ગૌણ કરીને જ્ઞાન જણાઇ જાય છે.

ફરીને, જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસે છે તોપણ જ્ઞેયકૃત અશુધ્ધ્તા તેને લાગુ પડતી નથી. કેમકે એ જ્ઞેયાશ્રિત જ્ઞાન નથી. એ જ્ઞાન તો આત્માશ્રિત છે. જે જ્ઞેય પ્રતિભાસે છે તો જ્ઞેયકર્તા અને અહીંયા જ્ઞાન કર્મ થયું, ક્રોધનું કર્મ જ્ઞાન થયું, એમ નથી. હવે જે પ્રતિભાસે છે તેથી તે જ્ઞેય કર્તા અને જ્ઞાન કર્મ એમ નથી. માત્ર જ્ઞેય જણાય છે એને નિમિત્ત કહેવાય અને એ જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાયને નૈમિત્તિક કહેવાય. સમજાય છે?

હવે જો એ જ્ઞેય સાપેક્ષ જ્ઞાન, એ જ્ઞેયાકાર જ્ઞાન જણાય છે તો સામાન્યનો તિરોભાવ થાય છે. માટે જ્ઞેય અને જ્ઞાનનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ગૌણ કરીને એકલું જ્ઞાન જ્ઞેયથી નિરપેક્ષ જણાય છે. કર્તા-કર્મ સંબંધ નથી અને નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી જુએ તો જ્ઞાનની પર્યાય નૈમિત્તિક જણાય છે પણ સ્વાભાવિક જ્ઞાનની પર્યાય પ્રગટ થતી નથી. હવે જ્યારે એ જ્ઞેયો પ્રતિભાસે છે ત્યારે આ ખુલાસો છે, આમાં જ ખુલાસો છે. બહુ સારો કર્યો છે.

જુઓ! આમાં જ લઇએ. **તોપણ જ્ઞેયકૃત અશુધ્ધ્તા તેને નથી કારણ કે જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું,** જેવું જ્ઞેય, ક્રોધ, જ્ઞાનમાં પ્રતિભાસિત થયું, પ્રતિભાસિત તો થાય છે. સ્વચ્છતા છેને જ્ઞાનની, એટલે જણાય છે એમાં. **થયું તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતાં જ્ઞાયક જ છે.** એમાં જ્ઞેયનો અનુભવ નથી અને જ્ઞેયાકાર જ્ઞાનનો અનુભવ નથી પણ જ્ઞાયકનો અનુભવ છે.

જ્ઞેયો, જ્ઞાનમાં જણાય છે? કે હા. જ્ઞેય જણાય છે? કે ના! જ્ઞેય સંબંધીનું જ્ઞાન જણાય છે? કે હા! કે જ્ઞેય સંબંધીનું જ્ઞાન જ જણાય છે કે બીજું જણાય છે? કે જ્ઞેય સંબંધી જ્ઞાન જણાતું નથી, જ્ઞાયક જણાય છે. તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ આખો ગૌણ થઇ જાય છે. જ્ઞેય સાપેક્ષ જે જ્ઞાનની પર્યાય દેખાતી હતી, આહાહા! એ જ્ઞાનની પર્યાયમાં જ્યારે જ્ઞાયક જણાય છે તો જ્ઞેય સાપેક્ષ જ્ઞાન જણાતું નથી.

મુમુક્ષુ:- ઉત્પન્ન જ થતું નથી પછી જણાય ક્યાંથી?

ઉત્તર:- જણાય ક્યાંથી!

મુમુક્ષુ:- જાણનારો જણાય છે.

ઉત્તર:- જ્ઞાયક જણાય છે. જ્ઞેયનું લક્ષ છૂટયું. જ્ઞેયના સંબંધવાળી જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાયનું લક્ષ છૂટયું અને જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે તો અભેદ અનુભવ થાય છે. આમાં લખેલું છે બધું, જુઓ! આમાં જ છે. **જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતાં જ્ઞાયક જ છે.** જેવી રીતે કાંકરોલીનું તળાવ, કાંકરોલીનું વખણાય છે, પાણી સ્વચ્છ બહુ, એકદમ સ્વચ્છ. ઉદયપુરથી શ્રીનાથજી જતાં રસ્તામાં આવે છે. એક વખત અમે ઉદયપુર ગયા હતા, તે જોવા ગયા મગનલાલ સુંદરજી અને બધા ભેગા. એ તળાવ પર પહાડ ઉપર બેઠા હતા. સમજી ગયા?

હવે ત્રણ જણા પહાડ ઉપર બેઠા હતા અને ચોથો ભાઇ આવ્યો. કે ભાઇ! પહેલા ભાઇને પૂછયું કે આ તમને શું જણાય છે આમાં? કે ઝાડ જણાય છે. કેમકે ઝાડ ઉપર બધા હતા, ફૂલ સહિતના. કે ઝાડ જણાય છે. બીજાને પૂછયું, તમને શું જણાય છે? કે અમને એકલું ઝાડ જણાતું નથી પણ પાણીની સ્વચ્છ અવસ્થા અને ઝાડ, એમ બેય જણાય છે. ત્રીજાને પૂછયું, તમે શું જુઓ છો? કે ઝાડ પણ જણાતું નથી અને ઝાડ જેમાં પ્રતિભાસ થાય છે, એવી સ્વચ્છતા પણ જણાતી નથી પણ સ્વચ્છનું દળ પાણી, પાણી ને પાણી જણાય છે. બેય ગૌણ થઇ ગયું. નિમિત્ત ગૌણ થઇ ગયું, નૈમિત્તિક પર્યાય ગૌણ થઇ ગઇ, અને સ્વભાવ ઉપર ગયો. આહાહા!

મુમુક્ષુ:- એકલા સ્વભાવ ઉપર.

ઉત્તર:- એકલો સ્વભાવ ત્રિકાળી. દળ, દળ, દળ જણાય છે, આહાહા!

મુમુક્ષુ:- જ્ઞેયનું જ્ઞાન જણાય છે એમ કહેતાં તો સામાન્યનો તિરોભાવ...

ઉત્તર:- થઇ જાય છે. જ્ઞેય તો જણાતું નથી પણ જ્ઞેય સંબંધીનું જ્ઞાન જણાય છે તો જ્ઞાયક નહીં જણાય. બસ! એક જાણનાર જણાય છે બીજું કાંઇ જણાતું નથી.

મુમુક્ષુ:- ભાઇ! નૈમિત્તિક અવસ્થા ઉપર ધ્યાન દોરાય તો નિમિત્ત ઉપર સરી જાય છે.

ઉત્તર:- નિમિત્ત જ.

મુમુક્ષુ:-નિમિત્ત ઉપર સરી જાય છે.

ઉત્તર:- નિમિત્ત જ છે, બીજું શું એમાં? ઉપાદાન ના આવ્યું.

મુમુક્ષુ:- એ ઉપાદાન સ્વભાવ ઉપર જઇ શકતો નથી.

ઉત્તર:- **જ્ઞેય**, આમાં લખેલું છે. **જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત** તો **થયું**, પણ અનુભવ શેનો થયો? જ્ઞેયનો થયો કે જ્ઞેય સંબંધીની જ્ઞાનની પર્યાયનો થયો? કે **તેવો જ્ઞાયકનો અનુભવ કરતાં જ્ઞાયક જ છે**. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાય છે, જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાય છે. જ્ઞેયપણે પણ નહીં અને જ્ઞેય સંબંધી જ્ઞાનની અવસ્થાપણે પણ નહીં પણ જ્ઞાયકપણે જણાય છે આત્મા, જાણનારપણે. એમ જ કહે કે, ભાઈ! આ ઝાડ જણાય છે એમા શું વાંધો? એ ઝાડ ને પાણી બેય જણાય છે, આહાહા! એકલું પાણી ના આવ્યું દ્રષ્ટિમાં. પર્યાયદ્રષ્ટિ રહી ગઇ, સ્વપરપ્રકાશના નામે.

**જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું તેવો જ્ઞાયકનો જ અનભુવ કરતાં જ્ઞાયક જ છે**. જાણનાર, જાણનાર જણાય છે. આહાહા! જ્ઞેય જણાતું નથી. જ્ઞેયની સન્મુખ થયેલી જ્ઞાનની પર્યાય જણાતી

નથી. પણ એકલો જ્ઞાયક જાણનાર જણાય છે. જ્યાં જાણનાર જણાય છે ત્યાં અનુભવ થાય છે. આ જ્ઞેય જણાય છે ત્યાં સુધી અનુભવ ન થાય. આ શાસ્ત્ર જણાય છે ત્યાં સુધી અનુભવ ન થાય. ભગવાનની પ્રતિમાં જણાય છે ત્યાં સુધી અનુભવ ન થાય. એ પ્રતિભાસને પ્રસિદ્ધ કરનારું જ્ઞાન જણાય છે તો પણ અનુભવ ન થાય.

પ્રતિમાની સામે ઊભીને જો કે પ્રતિમા જણાય છે, જ્ઞાન જણાય છે કે જ્ઞાયક જણાય છે? પ્રતિમાં જણાય છે તો પણ આત્માનો અનુભવ નહીં થાય અને જ્ઞાન જણાય છે તો પણ આત્માનો અનુભવ નહીં થાય. કેમકે એને પ્રસિદ્ધ કરનારું જ્ઞાન તો ઇન્દ્રિયજ્ઞાન છે. એ બેનો નિષેધ કરે તો જાણનાર જણાઇ જાય છે. ત્યાં ઊભો-ઊભો સમ્યગ્દર્શન થાય. આહાહા! ભગવાનના દર્શન થઇ જાય, નિશ્ચય સ્તુતિ થાય. વ્યવહાર સ્તુતિનો વ્યય, નિશ્ચય સ્તુતિનો ઉત્પાદ. આ વાક્ય બહુ સારું લખ્યું છે. **જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતાં જ્ઞાયક જ છે.** એ જ સમયે જ્ઞેયનો અનુભવ નથી અને જ્ઞેય સંબંધી જ્ઞાનની પર્યાયનો પણ અનુભવ નથી, પણ જ્ઞાયક તે હું છું એમ આવે છે. આહાહા!

મુમુક્ષુ:- જ્ઞાન ફરી ગયું. રીબાઉન્ડ (rebound) થઇ ગયું. પ્રભુ!

ઉત્તર:- '**આ હું જાણનારો છું તે હું જ છું,**' '**આ હું જાણનારો છું**', આહાહા! જાણનારો છું. કોનો જાણનારો નહીં.

મુમુક્ષુ:- આ હું જાણનારો છું.

ઉત્તર:- '**આ હું જાણનારો છું**', આનો જાણનારો નહીં અને જાણનારનો જાણનારો પણ નહીં! હું તો જાણનારો છું. જાણનારને જાણું તો સ્વ-સ્વામી સંબંધનો વ્યવહાર થઇ જશે અને આને જાણું તો અજ્ઞાન થશે. હું તો '**આ હું જાણનારો છું તે હું જ છું**' આહાહા! હું જ છું. '**તે હું જ છું અન્ય કોઇ નથી**'. ઇનટુ કોમા (into comma) કર્યું છે. ઇમ્પોર્ટન્ટ (important) છે, કહે છે. '**આ હું જાણનારો છું તે હું જ છું**'. આહાહા! ઇનટુ કોમા છે, જુઓ! '**અન્ય કોઇ નથી**'. કોમા પૂરા. ઇનટુ કોમામાં મર્મ છે, માલ છે.

**એવો પોતાને પોતાનો, એવો પોતાને પોતાનો** પોતાથી **અભેદરૂપ અનુભવ થયો**, આહાહા! અભેદરૂપ અનુભવ થયો. **ત્યારે એ જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે.** આહાહા! એ જાણવારૂપ જે ક્રિયા થઇ તેનો કર્તા પોતે જ છે. જ્ઞેયથી જ્ઞાન થતું નથી. જ્ઞેય કર્તા અને જ્ઞાન કર્મ એમ નથી. **જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે**. કેમકે કર્તા-કર્મની વાત છેને? અહીં કર્તા-કર્મની વાત છે. અકર્તા પ્લસ (+) કર્તા. **અને જેને જાણ્યું તે કર્મ પણ પોતે જ છે**. કેને જાણ્યું? પર્યાયને કે દ્રવ્યને? દ્રવ્યને, આહાહા! પર્યાયને જાણે તો પર્યાય કર્મ થાય. આત્માને જાણે તો આત્મા કર્મ થાય.

રાતે તમે કાલ ગયા પછી થોડીક વાર લીધું હતું. તમારી હાજરીમાં જ એ વિચાર તો આવ્યા તા બધા. આહાહા! ક્રોધ જણાય છે તો ક્રોધ કર્મ થાય છે, અને જ્ઞાનની પર્યાય જણાય તો જ્ઞાન કર્મ થાય છે, એટલે અજ્ઞાન કર્મ થાય છે. અને જ્ઞાયક જણાય છે તો જ્ઞાયક કર્મ થાય છે, પછી ભેદ અપેક્ષાએ જ્ઞાનની પર્યાયને કર્મ કહેવાય, અભેદ જ્ઞેય થયા પછી. પહેલા જો જ્ઞેય, જ્ઞાનની પર્યાય જણાય તો અનુભવ ન થાય, આહાહા!

મુમુક્ષુ:- તો કર્તા-કર્મનું અજ્ઞાન છે.

ઉત્તર:- અજ્ઞાન છે.

મુમુક્ષુ:- કર્તા-કર્મ નથી.

ઉત્તર:- કર્તાબુધ્ધિ થઇ જાય છે એમાં. પર્યાયદ્રષ્ટિ થઇ જાય છે. **એવો પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો ત્યારે એ જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે અને જેને જાણ્યું તે કર્મ** એટલે કાર્ય **પણ પોતે જ છે**. **આવો એક જ્ઞાયકપણામાત્ર પોતે શુધ્ધ છે**, આહાહા! દ્રવ્યદ્રષ્ટિએ તો શુધ્ધ છે પણ દ્રવ્યદ્રષ્ટિ અભેદ થઇ તેથી પણ એ તો શુધ્ધ જ છે. એ શુધ્ધ - એ ત્રિકાળ શુધ્ધ કે ક્ષણિક શુધ્ધ? નહીં! એ શુધ્ધ જ છે. એ ત્રિકાળ શુધ્ધ અને ક્ષણિક શુધ્ધના ભેદ પાડીશ નહીં. **એક જ્ઞાયકપણામાત્ર પોતે શુધ્ધ છે. - આ શુધ્ધનયનો વિષય છે.**

ત્રિકાળી દ્રવ્ય તો શુધ્ધનયનો વિષય, પણ શુધ્ધ પર્યાય અભેદ થઇ એ શુધ્ધનયનો વિષય છે. શુધ્ધનયનો વિષય તો શુધ્ધ છે. શુધ્ધનય તો શુધ્ધ છે પણ બેને અભેદ કરો તો પણ એ શુધ્ધનય છે. આહાહા! **શુધ્ધનયનો વિષય છે. અન્ય પરસંયોગજનિત** પર્યાય **ભેદો છે તે બધા ભેદરૂપ અશુધ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે,** રાગાદિ. **અશુધ્ધદ્રવ્યાર્થિકનય પણ શુધ્ધ દ્રવ્યની દ્રષ્ટિમાં પર્યાયાર્થિક જ છે**. **તેથી વ્યવહારનય જ છે એમ આશય જાણવો**. ભેદ કર્યો તો વ્યવહારનયનો વિષય થઇ ગયો. અભેદ થયો તો નિશ્ચયનયો વિષય થઇ ગયો, આહાહા!

નિશ્ચયનય પ્રગટ થઇ તો નિશ્ચયનયનો વિષય થયો. નિશ્ચયનય પ્રગટ ન થાય તો વ્યવહારનયનો વિષય બની ગયો. નિશ્ચયનય એટલે અભેદ. આત્માથી એકાકાર અનુભવ થયો તે કાળમાં, નવું જ્ઞેય થાય છે અભેદ એ. થઇ ગયો વખત લ્યો. થાક લાગે છે. આ ગાથા પૂરી થઇ ગઇ. ભાવાર્થ એ પૂરો થઇ ગયો. થોડો ભાવાર્થ છે બાકી. એ તો સ્યાદ્વાદની શૈલીથી થોડોક લોકો એકાંતમાં ન ખેંચાઇ જાય એ રીતે સ્યાદ્વાદથી સમજાવશે, જ્ઞાન પ્રધાન. બાકી મૂળ તો જે પાઠ હતો એનો આ ભાવાર્થ બે પારામાં પૂરો થઈ ગયો. બેય પારાનો, કાંઇ બાકી નથી. આ તો પછી ઉપરથી પંડિતજીએ પોતે ઉપરથી લખે છે.

ૐ